
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૨, વૈશાખ વદ - ૬ • તા. ૨૮ મે, ૨૦૧૬ • અંક : ૪

4



**શેઠ આણંદજી કલ્યાણજી**

**અમદાવાદ**



શ્રી શત્રુંજય તીર્થાધિપતિ
શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી
ના ઉપલક્ષમાં
MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
દ્વારા આયોજીત
"સુવર્ણ મહોત્સવ સર્વ સાધારણ ફંડ"
નિમિત્ત : ૪૮૫મી સાલગીરી અવસર
સંવત ૨૦૭૨ વૈશાખ વદ-૬ તા. ૨૮-૫-૨૦૧૬ શનિવાર
આજથી ૧૫ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?
લાભ લેવાનો સુવર્ણ અવસર
૫૦૦મી સાલગીરી પ્રસંગ
સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩
બસ ! આજથી ફક્ત ૧ રૂપિયો પ્રતિદિન દાદાને નામ !
૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.
વિશેષ જાણકારી માટે સંપર્ક કરો
હેલ્પ લાઈન નંબર : +91-93 75 500 500, +91-93 76 500 500
info@anandjikalyanjipedhi.org | www.anandjikalyanjipedhi.org
Social Presence
ડાઉનલોડ કરો Anandji Kalyanji Pedhi App

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

વર્ષ : ૧ અંક : ૪ મૂલ્ય : ₹ ૨૦ વાર્ષિક લવાજમ : ₹ ૧૦૦

अन्य तीर्थेषु पद् यात्रा
शतैः पुण्यं भवेन् नृणाम् ।
तदेक यात्राया पुण्यं
शत्रुंजयगिरौ स्फुटम् ॥

અન્ય તીર્થોની સો-સો વાર યાત્રા કરવાથી
જે પુણ્ય સંચિત થાય છે
શત્રુંજય ગિરિરાજની એક
યાત્રા કરવાથી તેટલા પુણ્યની પ્રાપ્તિ થાય છે.

(સિત્તુંજકપ્પો-ગાથા-૩૦)

अट्ठावय सम्मेत चंपा पावई उज्जितनगे य ।
वंदिता पुण्णफलं सयगुणियं होई पुंडरीए ॥

અષ્ટાપદ, સમ્મેતશૈલ, ચંપાપુરી, પાવાપુરી,
ઉજ્જયંત ગિરિને વંદન કરવાથી જે પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે.
તેનાથી શતગણું ફળ
પુંડરીકગિરિ (શત્રુંજયગિરિ) ને વંદન કરવાથી થાય છે.

(સિત્તુંજકપ્પો-ગાથા-૮)

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)

વર્ષ : ૧ | અંક : ૪

પ્રકાશન

વિ.સં. ૨૦૭૨, વૈશાખ વદ-૬ • તા. : ૨૮-૦૫-૨૦૧૬, શનિવાર

પ્રકાશક :

મહેન્દ્ર શાહ (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com / info@anandjikalyanjipedhi.org

મુદ્રક :

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

આણંદજી કલ્યાણજી પેઢીની વેબસાઈટનું નામ બદલાયું છે.

હવેથી વેબ સાઈટ

**www.anandjikalyanjipedhi.org**

તરીખે ઓળખાશે.

પેઢીની મોબાઈલ એપ [Mobile App]

પણ તૈયાર થઈ ગઈ છે.

આ એપ એન્ડ્રોઈડ અને એપલ બંને પ્લેટફોર્મથી

ડાઉનલોડ કરી શકાશે.

**E–mail : info@anandjikalyanjipedhi.org**

Social Presence

ડાઉનલોડ કરો Anandji Kalyanji Pedhi App

# જય શત્રુંજય ! જય આદિનાથ !

સ્વનામ ધન્ય શ્રેષ્ઠિ કરમાશા દ્વારા વિ.સં. ૧૫૮૭, ઈસ્વી ૧૫૩૧માં શત્રુંજય ગિરિરાજનો ૧૬મો ઉદ્ધાર કરાવવામાં આવ્યો, આ વરસે એટલે વિ.સં. ૨૦૭૨, વૈશાખ વદ ૬, શનિવાર તા. ૨૮-૫-૨૦૧૬ના દિવસે ગિરિરાજનો ૪૮૫મો પ્રતિષ્ઠા દિવસ ઉજવાશે. અને બરાબર ૧૫ વરસ પછી વિ.સં. ૨૦૮૭, વૈશાખ વદ-૬, તા. ૧૨-૫-૨૦૩૧ના દિવસે ૫૦૦મો પ્રતિષ્ઠા દિવસ આવશે, એ ઉજવણી અનેક રીતે મહત્ત્વપૂર્ણ હશે. શ્રદ્ધા ભક્તિ અને સમર્પણનો દરિયો ત્યારે શત્રુંજય પર્વતના શિખરે શિખરે લહેરાશે ! સેંકડોની સંખ્યામાં આચાર્ય ભગવંતો, પદસ્થો, મહાન મુનિભગવંતો, સાધ્વીજી ભગવંતો, હજારોની સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ અને લાખોની સંખ્યામાં દાદા આદિનાથ સાથે શ્રદ્ધાના તાંતણે જોડાયેલા ભક્તજનો એ દિવસો દરમ્યાન પાલીતાણાની પુણ્ય ધરા પર ડોલતા હશે ! તળેટીથી દાદાની ટૂંક, નવેનવ ટૂંક, ઘેટી પાગ, સિદ્ધવડ, ભાડવાનો ડુંગર, બધે જ માનવ મહેરામણ ઉમટેલો હશે ! દેવોને પણ દુર્લભ એ દશ્યને જેઓ નિહાળશે, એઓ નશીબવંતા હશે. જેઓ દાદાને ભેટશે એઓ બડભાગી હશે.

એ પ્રસંગ, એ ભક્તિનો રંગ અને સુકૃત સંચયની સોહામણી ક્ષણોના સહભાગી બનવા અત્યારથી જ આગળ આવીએ !

**'સુવર્ણ મહોત્સવ સર્વ સાધારણ ફંડ'**માં નાનકડો પણ નક્કર હિસ્સો આપીને અક્ષય અને અવિનાશી પુણ્યાનુબંધી પુણ્યના ઉપાર્જક બનીએ !

# પાલીતાણા ખાતે યોજાયેલ નવદિવસીય તપાગચ્છીય શ્રમણ સંમેલનના ઉદ્દઘાટન પ્રસંગે (તા. ૨૬-૨-૨૦૧૬) પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈનું વક્તવ્ય

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો, પૂજ્ય આચાર્ય ભગવંતો
પૂજ્ય પદસ્થ મુનિભગવંતો અને મુનિ ભગવંતો
તથા શ્રી સંઘના મારા વડીલો અને ભાઈઓ

સંમેલનના આ શુભ પ્રસંગે આપ સહુને વંદન તથા અભિનંદન પૂર્વક આવકારતા મને અત્યંત હર્ષ થાય છે.

શાશ્વત તીર્થ શત્રુંજય ગિરિરાજ અને આદીશ્વર દાદાની છત્ર છાયામાં પૂજ્ય સાધુ-સાધ્વીજી તથા લાખો શ્રાવક-શ્રાવિકાઓ અને શ્રદ્ધાળુ ભક્તજનોના પાવન પગલાંથી સમૃદ્ધ ધરતી ઉપર આ શ્રમણ પ્રમુખ ચતુર્વિધ સંઘનું મિલન સંમેલનરૂપે કદાચ પહેલીવાર થાય છે. આ પળો ધન્ય છે, આ ક્ષણો પુણ્યવંતી છે !

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રમણ ભગવાન મહાવીરના માર્ગને વરેલા ત્યાગી-વૈરાગી શ્રમણ શ્રમણી ભગવંતો અને મોટી સંખ્યામાં આવેલા આ સકળ શ્રી સંઘને જોઈને હૈયું હર્ષથી ઉભરાય છે !

આવું દ્રશ્ય પણ મહા પુણ્યોદયે જોવા મળે છે !

સમગ્ર જિનશાસનના સંચાલનની જવાબદારી તીર્થંકર ભગવંતોની ગેરહાજરીમાં 'તિત્થયર સમો સૂરિ' જેવા પંચાચારને વરેલા, છત્રીસ ગુણોથી અલંકૃત આચાર્ય ભગવંતોના શિરે છે. એમના અગાધ શાસ્ત્રજ્ઞાન, ઉંડા આત્મજ્ઞાન, અને ઉચ્ચ ત્યાગ-તપોમય વ્યક્તિત્વ આગળ બાળક જેવા ગણાઈએ ! છતાંયે થોડીક ધૃષ્ટતા કરીને પણ મનની વાતો કરવાનું સાહસ કરું છું.

શ્રી સંઘના વહીવટમાં પીઢતા, પ્રૌઢતા, ઠરેલપણું અને દીર્ઘદર્શિતાના અભાવમાં વ્યક્તિગત હુંસાતુંસીથી ક્ષુબ્ધ વાતાવરણ દૂર થાય એ જરૂરી છે. સમ્યગ્દર્શનના આચાર ઉપબૃંહણા-અનુમોદનાને શ્રીસંઘમાં ખૂબ જ

વધારવાની જરૂર છે. જેથી પરસ્પર સદ્દભાવ અને પ્રમોદભાવ વધે ! ચતુર્વિધ સંઘના વિવિધ કાર્યો, જવાબદારીઓ, આયોજનો, અનિવાર્ય પ્રવૃત્તિઓ વગેરે માટે સાધારણ દ્રવ્યની સતત ખેંચ અનુભવાતી રહી છે.

સંઘની વિવિધ સંસ્થાઓએ એકબીજાના હરીફ નહી પરંતુ એકબીજાના પૂરક બનીને ચાલવું જોઈએ, જે સંઘની એક વાક્યતા માટે ખૂબ જરૂરી છે.

શ્રી સંઘના કમજોર ક્ષેત્રોને સક્ષમ અને સમૃદ્ધ બનાવવા માટે સફળ આયોજન કરવાનો સમય સામે જ ઉભો છે.

સાધારણ દ્રવ્યના ભંડોળ માટે સહુએ યોગદાન દેવું પડશે. આપ પૂજ્યોએ એ માટે શાસ્ત્રોચિત અને સમયોચિત પ્રેરણા પણ કરવી પડશે. માર્ગદર્શન આપવું પડશે ! આજે ધર્મદ્રવ્ય વ્યવસ્થા બદલવાની જરૂર નથી પરંતુ આપ તો પૂજ્યોએ સકળ શ્રી સંઘને પ્રેરણા આપીને કમજોર ક્ષેત્રો તરફ દાન આપીને તેવી પ્રવૃત્તિઓમાં લાભ લેવાની પ્રેરણા આપવી પડશે.

પ્રભુ શાસનના પુણ્યોદયે ત્યાગ-વૈરાગ્યના માર્ગનો અપૂર્વ મહિમા આજના વિલાસી અને ભૌતિકતાથી રચ્યા-પચ્યા યુગમાં પણ ખૂબ વધ્યો છે. એ માટે આપણે જ નહી સમગ્ર વિશ્વ આશ્ચર્યચકિત થઈ રહ્યું છે. પણ સાથે જ એ શ્રમણ-શ્રમણી સંઘના યોગક્ષેત્ર માટે, આરાધના-સાધના અને આધ્યાત્મના વિકાસ માટેના પ્રશ્નો, વિહારોમાં સર્જાતા અકસ્માત વગેરેના અનેક પ્રશ્નોના સમાધાન શોધવા પડશે. સાધ્વીજી વર્ગની સુરક્ષાની બાબતને અવગણી નહીં શકાય.

અન્ય સમાજો સાથે પરસ્પર આદરભાવ, સહૃદયતા અને સહઅસ્તિત્વની ભાવના કેળવવી પડશે. સંઘર્ષનો રસ્તો વધુ નુકસાનકારક નીવડશે એવું મારું વિનમ્ર મંતવ્ય છે. અન્ય સંપ્રદાયો, ગચ્છો, વર્ગો અને સમૂહો સાથે થોડીક વધારે સહિષ્ણુતા કેળવવી પડશે. વાતે વાતે અને વારે તહેવારે સામસામે થઈ જવાનું વલણ નુકસાનકારક અને મારા પ્રમાણે તે આત્મઘાતી બનશે.

સમાજના અન્ય વર્ગો સાથે સુમેળ, કુનેહ અને સમાદર ભર્યા

વ્યવહાર માટે સક્ષમ શ્રાવક વર્ગ, મજબૂત શ્રેષ્ઠિ પરંપરા, મહાજન પરંપરા પુનર્જિવિત કરવી પડશે. અને સુદૃઢ પણ બનાવવી પડશે.

આપણી પાસે જ્ઞાન-ધ્યાની, ત્યાગી, તપસ્વી અને ધુરંધર શાસન પ્રભાવક આચાર્ય ભગવંતો, મુનિભગવંતો અને શ્રમણીભગવંતોની ઉત્કૃષ્ટ પરંપરા રહી છે. એવી જ પરંપરા શાસનને સમર્પિત, સંઘ વાત્સલ્ય અને સંઘભક્તિથી નીતરતું વ્યક્તિત્વ ધરાવતા રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠિઓની મોટી પરંપરા છે. આવા અનેક શ્રાવકશ્રેષ્ઠના અવતારો આજના આપણા શ્રી સંઘમાં ઘડવા પડશે. નિઃશંકપણે પ્રભુનું શાસન અવિચ્છિન્ન રહેવાનું જ છે પણ એમાં આપણે નક્કર યોગદાન આપવું પડશે.

આ બધા મહાનુભાવોએ શાસન ભક્તિ સાથે તે તે વખતા સમાજના તમામ વર્ગોના હૃદય જીતીને, એમના દુઃખદર્દ અને પ્રશ્નોનાં સહભાગી બનીને મહાજનનું માનવંતુ-ગૌરવવંતુ માન મેળવ્યું હતું. સ્થાન બનાવ્યું હતું. સમાજના તમામ વર્ગો સાથે આદર-માન અને સહઅસ્તિત્વના ભાવ સાથે જ પારસ્પરિક સહિષ્ણુતા કેળવાશે. કોઈપણ પ્રશ્ને જાહેરમાં સરકાર સામે પડવાથી પ્રશ્નો ઉકેલાવાના બદલે વધારે ગૂંચવાશે. અંદરોઅંદર વાટાઘાટો દ્વારા પ્રશ્નોનો નીવેડો લાવવો વધારે ઉચિત રહેશે.

સમજું વર્ગ દૂર થતો જાય છે. તે ઉપરાંત આપણા લાંબા પ્રોગ્રામો, બહુમાનોના પ્રસંગો, પ્રસંગો પાછળ નાણાનું બિનજરૂરી વ્યય થાય છે, તેના બદલે અનુકંપા, જીવદયા, પ્રાણીદયા, માનવ કરુણાના ઝરણાઓ વહાવવાની સખત આવશ્યકતા છે. ક્યાંક આ ઝરણાઓ સૂકાઈ ના જાય ! આડંબર, હુંસાતુંસી અને દેખાડાની વૃત્તિના રણમાં શોષાઈ ના જાય, એવું જોવું પડશે !

આજે શ્રાવક-શ્રાવિકાની સમર્પિતતાનો માપદંડ કમનસીબે તેમના દ્રવ્યના વ્યય ઉપર થયેલો છે તો શું જે શ્રાવક-શ્રાવિકા પાસે ઓછી લક્ષ્મી હોય અને તેના કારણે દ્રવ્યનો વ્યય ન કરી શકે તો તેની સમર્પિતતા ઓછી ગણવી ? અહીંયા આપણે શત્રુંજયના જીર્ણોદ્ધારમાં ભીમા કુંડલીયાનું દ્રષ્ટાંત યાદ કરવું જોઈએ.

જિનપ્રતિમાજીના નિર્માણમાં નવપ્રયોગોના નામે ઘણા એવા પ્રયોગો થઈ રહ્યા છે જે પ્રાચીન શિલ્પ સ્થાપત્યની અવધારણાને નુકસાન પહોંચાડશે. લાંછન ઉપર જ સીધા પ્રતિમાજી બિરાજમાન કરવાથી સામાન્ય વ્યક્તિને એ લાંછનના બદલે પ્રભુનું વાહન લાગશે.

જીર્ણોદ્ધારના નામે પ્રાચીન કળા સ્થાપત્યનો નાશ કરીને, પરંપરાગત વારસાનો નાશ કરીને બધું જ નવું કરી દેવાના પ્રયત્નોથી પ્રાચીનતા, ઈતિહાસ, પુરાવા, ઘણું બધું નષ્ટ થઈ જશે. સ્થાપત્યના અવશેષો, પરમાત્મા તથા દેવ-દેવીઓના બિંબો, જ્ઞાનના ગ્રંથો, પટ, છોડ, ઉપકરણો તે રાચ-રચીલાના રૂપે, કરોડો રૂપિયાની કિંમતે આજે દેશમાં તથા દેશની બહાર વેચાયા છે અને ખાસી એવી આશાતના થઈ રહી છે. આવું ભવિષ્યમાં ન થાય તેના ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. અને આપનું માર્ગદર્શન સંઘને આપવું જરૂરી છે.

પ્રાચીન તીર્થભૂમિઓ, કલ્યાણકભૂમિઓ નામે શહેરો પાસે અથવા તો હાઈવે ઉપર કે અન્ય સ્થળે દેરાસરો, તીર્થો ઉભા કરવાથી ભવિષ્યની પેઢીને વાસ્તવિક તીર્થો માટે ભ્રમણા પેદા થશે જે કદાચ નુકસાનકારક બની રહેશે.

દરેક નાની મોટી સંસ્થાઓ, સમૂહો, મંડળો, ગ્રુપ વગેરે ચોક્કસ પોતપોતાની રીતે કાર્યો કરે પણ ચતુર્વિધ સંઘની મર્યાદા તો અબાધિત પણે સ્વીકારવી જ રહી ! સંઘવ્યવસ્થા ગૌણ ના બની જાય એ જોવું પડશે. અંગત મોટા કાર્યક્રમો, અનુષ્ઠાનો વિગેરે જે તે શહેર કે ગામના સંઘને ગૌણ બનાવી દે તે બરોબર નથી. સંઘની વ્યવસ્થા બની રહે તે ખૂબ જરૂરી છે.

આપ સહુ અનેક કષ્ટ વેઠીને પણ અહીં પધાર્યા છો, એ અમારા સહુનો પ્રબળ પુણ્યોદય છે. તથા ગૌરવનો વિષય છે.

ફરી એકવાર ચતુર્વિધ શ્રીસંઘના ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કહેવાયું હોય તો 'મિચ્છામિ દુક્કડં' સાથે વિરમું છું.

# પાલીતાણા ખાતે યોજાયેલ નવદિવસીય તપાગચ્છીય શ્રમણ સંમેલનના સમાપન પ્રસંગે (તા. ૦૩-૪-૨૦૧૬) પેઢીના પ્રમુખ સંવેગભાઈ લાલભાઈનું વક્તવ્ય

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો, પૂજ્ય આચાર્ય ભગવંતો
પૂજ્ય પદસ્થ મુનિભગવંતો અને મુનિ ભગવંતો
અને પૂજ્ય સાધ્વીજી ભગવંતો
વડીલો તથા સાધર્મિક ભાઈઓ અને બહેનો,

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું ધર્મશાસન આજે પણ જયવંતુ છે એનું કારણ છે : ચતુર્વિધ સંઘની નિષ્ઠા, શ્રદ્ધા અને ભક્તિભાવ યુક્ત સમર્પણનો ભાવ !

એમાંયે પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોની ત્યાગ-તપોમય સર્વવિરતિ માર્ગની અનન્ય ઉપાસના તથા શ્રાવક શ્રાવિકારૂપ સંઘની તથા શ્રદ્ધાળુજનોની યથાશક્તિ દેશવિરતિરૂપ ધર્મની આરાધનાના બળે પ્રભુનું શાસન જગમાં ગાજે છે.

આપણા સહુનું પરમ સદ્ભાગ્ય છે, અપૂર્વ પુણ્યોદય છે કે તપાગચ્છની પરંપરાના મહાન જ્ઞાની-ત્યાગી-ધ્યાની-તપસ્વી આચાર્ય ભગવંતો જિનશાસનની ધુરાને વહન કરે છે.

શાસનને સુદૃઢ બનાવવા, સમયે સમયે દેશ-કાળ-પુરૂષ-અવસ્થા-રાજ્યસત્તા, સામાજિક પરિબળો વગેરેને વિવેચીત કરીને સાપેક્ષભાવે કલ્યાણકારી સૂચનો કરે છે. માર્ગ ચીંધે છે. એ આપ પૂજ્યોનો મહાન ઉપકાર છે.

શત્રુંજયગિરિની તળેટીએ, પાલીતાણાની પુણ્યમયી ધરતીના આંગણે અપૂર્વ સંમેલનરૂપે અવસર આવ્યો છે. તા. ૨૬-૩-૧૬ થી ૨-૪-૧૬ સુધી

ચાલેલા આ સંમેલનમાં આપ સહુ પૂજ્યો સાથે બેઠા. સહચિંતન કર્યું, વિચારોની આપ-લે કરી. શાસ્ત્ર, પરંપરા, પ્રણાલિકા અને વર્તમાનમાં પરિવર્તિત દેશકાળને સામે રાખીને પરમ પૂજ્ય ગુરુભગવંતોએ જે નિર્ણયો કર્યા છે, તે સંપૂર્ણપણે શાસનના હિતમાં જ કર્યા છે.

પરમ પૂજ્ય ગુરુભગવંતો તો પ્રભુ ચીંધેલા માર્ગે સતત જ્ઞાન-ધ્યાનમાં રત રહે છે, પોતાના સ્વાધ્યાયમાં, તપ-તિતિક્ષામાં ડૂબેલા રહે છે. શાસન-સંઘ-સમુદાય અને અનુયાયીઓના યોગક્ષેમને વહન કરતાં તેઓએ પ્રભુ પ્રત્યે, પ્રભુએ ચીંધેલા માર્ગ પ્રત્યે, પૂર્ણ અહોભાવ તથા સકળ શ્રીસંઘ પ્રત્યે પોતાનો વાત્સલ્યભાવ દર્શાવવા પૂર્વક કિંમતી સમય ફાળવ્યો છે, ચિંતન મનન અને વિશ્લેષણ કર્યું છે.

શ્રમણ સંઘના સમુત્થાનમાં જ સકળ સંઘનું ઉત્થાન રહેલું છે એ સહુએ યાદ રાખવાનું છે.

વ્યક્તિગત રીતે જેટલું શક્ય એકલું પાલન સ્વયં કરજો.

અંગત નહીં પરંતુ સંઘીય વાતોના પાલનમાં સહયોગી બનજો.

જે કઈ શુભ થાય છે એની ખૂબ ખૂબ અનુમોદના કરજો. પરંતુ કોઈ ખોટા વાદ-વિવાદ કે ચર્ચા-ટીકાથી બિલકુલ દૂર રહેજો.

ગઈકાલે બપોરે સર્વમંગલ કરતાં પહેલાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે જે વાત કરી તેનાથી મને ખૂબ જ આનંદ થયો કે પહેલાંની જેમ જૈન સંઘ એક બને, પહેલાં જેવી શાસન ગરિમા અને પ્રતિભા બની રહે, શાસન પ્રભાવના થાય, એક વાક્યમાં તેઓએ બધુ જ કહ્યું. અન્ય ગુરૂભગવંતો જે હાજર હતા કે ગેરહાજર હતા તેમનો પણ આ જ સાદ છે. આ ઉપરાંત પરમ પૂજ્ય પદ્મસાગરસૂરીશ્વરજી એ સમગ્ર મૂર્તિપૂજક શ્રી સંઘનું સંમેલન થાય તેવા ઉમદા ભાવના વ્યક્ત કરી. જુઓ, આ બધા પૂજ્યોનો પરમાત્મા અને તેમના

પ્રરૂપેલા ધર્મ માટેનો અહોભાવ, હૃદયની ઉદારતા, શાસન પ્રત્યેનો પ્રેમ અને ભાવના. આ પૂજ્યોને વંદન કરીએ એટલા ઓછા છે.

મારૂ પ્રબળ પુણ્ય ઉદયમાં આવ્યું કે મને પરમાત્મા અને ધર્મનું શરણ મળ્યું અને એમની ધુરાને વહન કરતા આવા પૂજયશ્રીઓની નિશ્રા, આશીર્વાદ અને માર્ગદર્શન મળ્યું છે અને ભવિષ્યમાં પણ મળતું રહેશે તેવી આશા રાખું છું.

*શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ*
*શ્રી સકલ સંઘસ્ય શાંતિર્ભવતુ*

આ અવસરે મને મંગળદીવાની અંતિમ કડી બોલવાનું ખૂબ યોગ્ય લાગે છે.

*અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક*
*મંગલિક ચતુર્વિધ સંઘને હોજો*

જિન શાસનના સર્વ ચતુર્વિધ સંઘને ભાવપૂર્વક ફરી ફરી વંદના કરું છું. પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ અજાણતા પણ કઈ કહેવાયું હોય તો

**ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં**

## આચાર્યપદનો મહિમા

ધર્મ ભાવના વિશ્રુત ઈમ છત્રીસ છત્રીસ
ગુણધારે આચારય તેહ નમુ નિશદિસ
આચારય આણા વિણ ન ફલે વિદ્યામંત
આચારય ઉપદેસે સિદ્ધિ લહીજે તંત

(ઉપા. શ્રી યશોવિજયજી કૃત પરમેષ્ઠિ ગીતા-૭૮)

# શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ વિષે

શત્રુંજય મહાતીર્થના પ્રણસ્વરૂપ મુખ્ય જિનાલયના પ્રતિષ્ઠાકારક મહાન પ્રભાવક અને પ્રજ્ઞાપુરુષ, સમર્થ જૈનાચાર્ય શ્રી વિદ્યામંડનસૂરિજીની આજ્ઞાની એમના જ શિષ્ય પંડિતપ્રવરશ્રી વિવેકધીર મુનિએ સંઘનાયક કરમાશા અને શત્રુંજય મહાતીર્થના જીર્ણોદ્ધારની એક પ્રશસ્તિ (યશોગાથા) સંસ્કૃત ભાષામાં બે ઉલ્લાસ (વિભાગ)માં આલેખી હતી.

પ્રથમ 'વંશાદિવ્યાવર્ણન' ઉલ્લાસ (વિભાગ)માં ૯૩ શ્લોકોના માધ્યમથી શ્રી તોલાશાહ અને કરમાશાના વંશ વગેરે અંગે વિસ્તારથી બતાવ્યા છે.

શ્રી શત્રુંજયોદ્ધાર વ્યાવર્ણન નામક બીજા ઉલ્લાસ (વિભાગ)ના ૧૬૭ શ્લોકોમાં શાશ્વત તીર્થભૂમિની જીર્ણોદ્ધાર પ્રક્રિયા, પ્રતિમા નિર્માણ, પ્રતિષ્ઠા મુહૂર્ત, પ્રતિષ્ઠા પ્રસંગ, દાન-ભક્તિ અને શ્રદ્ધાના વિભિન્ન પાસાઓની વિવેચના કરી છે.

મજાની વાત તો એ છે કે આની રચના પ્રતિષ્ઠાના બીજા જ દિવસે (વિ.સં. ૧૫૮૭, વૈશાખવદ ૬, સોમવાર) કરવામાં આવી હતી. પ્રબંધના પરિશિષ્ટમાં રાજાવલી કોષ્ટક (રાજાઓ - બાદશાહોની સમયાવલિ) તથા પ્રતિષ્ઠા સમયની લગ્ન કુંડળી પણ આપવામાં આવી છે.

આ સમગ્ર પ્રબંધને પાઠકવર વિનયમંડનજીની આજ્ઞાથી સૌભાગ્યમંડન નામના મુનિએ એજ વરસે વૈશાખ વદ ૧૦, ગુરુવારના દિવસે લિપિબદ્ધ કરવાનું કાર્ય કર્યું હતું. વિ.સં. ૧૯૭૩ એટલે કે ઈસ્વીસન્ ૧૯૧૭માં મહાન ઈતિહાસવેત્તા અને સંશોધન ક્ષેત્રના દીપ્તિમાન નક્ષત્ર જેવા મુનિ જિનવિજયજીએ હિન્દી ભાષામાં અનુવાદ સાથે સંપાદિત કરીને **'શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ'** શીર્ષકથી ભાવનગરની જૈન આત્માનંદ સભાના માધ્યમથી દસ આના મૂલ્ય સાથે પ્રકાશિત કર્યો હતો..

વિ.સં. ૨૦૩૮, ઈસ્વી ૧૯૮૨માં આચાર્ય શ્રી કંચનસાગરસૂરિજી દ્વારા લિખિત 'શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન અને શિલ્પ સ્થાપત્ય કળામાં શ્રી શત્રુંજય' શીર્ષકથી પ્રકાશિત ૪૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલ ગ્રંથમાં પ્રસ્તુત અનુવાદને ગુજરાતીમાં રૂપાંતરિત કરીને મૂકાયો હતો. એના જ આધારે અહીં પ્રસ્તુતિ કરી છે.

# શ્રી શત્રુંજય મહાતીર્થનો ૧૬મો ઉદ્ધાર

## ઉદ્ધાર સમય : વિ.સં. ૧૫૮૭, ઈસ્વીસન-૧૫૩૧

મેદપાટ (મેવાડ) દેશમાં ત્યારે શૂરવીર રાણા સંગ્રામસિંહનું શાસન હતું. આ રાણા સાંગા તરીકે પણ જાણીતા હતા. એજ નગરમાં ઓશવાલ વંશના આભૂષણરૂપ શ્રેષ્ઠિ તોલાશા વસતા હતા.

સંગ્રામસિંહ મહારાણાને તોલાશા ઘણા પ્રિય હતા. તેઓ પોતાની રાજસભામાં પ્રધાનપદ તોલાશાને આપવા માગતા હતા, પણ તોલાશા પ્રધાનપદ લેવા તૈયાર ન થયા તેથી રાજાએ શ્રેષ્ઠિપદ આપ્યું.

તોલાશા ન્યાયી, વિનયી, જ્ઞાની, ધનવાન અને સ્વમાની હતા. તેમને લીલુ નામની પત્ની હતી. તેનાથી તેમને પાંચ પુત્રો થયા હતા. રત્નાશા, પોમાશા, દશરથ, ભોજ અને કરમાશા, પાંચે ભાઈઓ બળવાન અને પરાક્રમી હતા. તેમાં સૌથી નાના કરમાશા બધા કરતાં બુદ્ધિ, બળ, સૌંદર્ય, ગંભીરતા, ઉદારતા, વગેરેમાં વિશેષ ગુણવાન હતા. તેથી કરમાશાની ખ્યાતિ વિશેષ હતી.

એક વખત **શ્રીધર્મરત્નસૂરિજી** મહારાજાની નિશ્રામાં નિકળેલો સંઘ તીર્થો વિગેરેની યાત્રા કરતો **ચિત્તોડ** આવ્યો, ત્યારે સંગ્રામસિંહ રાણા, તોલાશા શ્રેષ્ઠિ વગેરેએ સંઘનું સુંદર સામૈયું કરી સન્માન કર્યું.

પુત્રો વગેરેના પરિવાર સાથે તોલાશા ગુરુ મહારાજની દેશના સાંભળે છે, એ જ વખતે સમય જોઈને તોલાશાએ આચાર્ય મહારાજને પ્રશ્ન કર્યો કે, 'મેં જે કાર્ય વિચાર્યું છે તે કાર્ય સફળ થશે કે નહિ ?

શ્રી ધર્મરત્નસૂરિજી મહારાજને જ્યોતિષ સંબંધી વિશેષ જ્ઞાન હતું. તેથી પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી, પ્રશ્નકુંડલી માંડી અને બધી ગણતરી વગેરે કરીને તોલાશાને કહ્યું કે, "હે સજ્જન શિરોમણી ! તમારા ચિત્તમાં શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરવાનો મનોરથ છે, પરંતુ તમોએ જે મનોરથ કર્યો છે તે તમારા સૌથી નાના પુત્ર કરમાશાથી પૂર્ણ થશે. અંર્થાત્ શ્રી શત્રુંજય

મહાતીર્થનો સોળમો ઉદ્ધાર તમારો નાનો પુત્ર કરમાશા કરાવશે. આના પહેલા પંદરમો ઉદ્ધાર સમરાશાએ ઉદ્ધાર કરાવ્યો, તેની પ્રતિષ્ઠા મારા પૂર્વજ આચાર્ય ભગવંતે કરાવી હતી. તેમ હવેના સોળમાં ઉદ્ધારની પ્રતિષ્ઠા મારા શિષ્યના હાથે થશે.

આચાર્ય ભગવંતે કહેલ વાત સાંભળી તોલાશાને હર્ષ અને ખેદ સાથે થયા. પોતાનો પુત્ર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવશે તેથી હર્ષ, જ્યારે પોતે તીર્થનો ઉદ્ધાર નહી કરાવી શકે એ બદલ ખેલ થયો.

આ વખતે કરમાશા કુમાર અવસ્થામાં હતા. તેમણે આ વાત સાંભળી ગુરુમહારાજના વચનને સફળ કરવાનો મનોરથ નક્કી કર્યો.

શ્રી ધર્મરત્નસૂરિજી મહારાજ સંઘ સાથે આગળ વિહાર કરવા તૈયાર થયા ત્યારે તોલાશાની વિનંતીથી પોતાના શિષ્ય ઉપાધ્યાય વિનયમંડનગણિને ચિત્તોડમાં રોક્યા.

ઉપાધ્યાય મહારાજ પાસે તોલાશાના પાંચે પુત્રો ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. તેમાં ભવિષ્યમાં તીર્થ ઉદ્ધારનું કાર્ય કરનાર કરમાશા ઉપર ઉપાધ્યાય મહારાજનો અધિક સ્નેહ હતો.

એક વખતે કરમાશાએ ગુરૂ મહારાજને કહ્યું કે, 'હે ગુરૂદેવ ! ગુરુ મહારાજનું વચન સિદ્ધ કરવા માટે આપશ્રીએ મારા સહાયક થવું પડશે.'

ઉપાધ્યાય મહારાજે હસીને કહ્યું કે, 'ભાગ્યવાન ! આવા ઉત્તમ કાર્યમાં સહાય થવાનું કોણ ન ઈચ્છે ?'

એક સારા દિવસે ઉપાધ્યાય મહારાજે કરમાશાને 'ચિંતામણી મહામંત્ર' આરાધનાની વિધિ સાથે આપ્યો અને તીર્થોદ્ધાર કરવાના કાર્યમાં ઉદ્યમશીલ રહેવાનો ઉપદેશ આપી, ગુરુ મહારાજ વિહાર કરી ગયા.

તોલાશાનું આયુષ્ય પૂર્ણ થયે સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા. પાંચ પુત્રો વગેરેને ખૂબ આઘાત લાગ્યો. 'દુઃખનું ઓસડ દિવસો' એ ન્યાયે પિતાના મૃત્યુનો શોક વિસરાઈ ગયો અને સૌ સૌનું કામ કરવામાં લાગી ગયા.

કરમાશાને બે પત્નીઓ હતી, પહેલી કપૂરદેવી અને બીજી કમલાદેવી. કપૂરદેવીને કોઈ સંતાન નહતું, જ્યારે કમલાદેવીને ભીખજી નામનો પુત્ર અને શોભા, સોના, મન્ના અને પન્ના નામે ચાર પુત્રીઓ હતી.

કરમાશા કાપડ આદિનો વ્યાપાર કરતાં અને તેમાં દિન-પ્રતિદિન ઉન્નતિ પામવા લાગ્યા. બીજા ભાઈઓ પણ જુદો જુદો વ્યાપાર કરતા હતા.

કરમાશા ધર્મ આરાધનામાં સવાર સાંજ પ્રતિક્રમણ, ત્રિકાળ દેવપૂજા, મધ્યાહ્ન વખતે અષ્ટપ્રકારી પૂજા, અનુકંપા દાન, સાધાર્મિક ભક્તિ નિયમિત કરતા. પર્વના દિવસોમાં પૌષધ વગેરે કરતા. વ્યાપારમાં ધર્મ અને નીતિ ચૂકતા નહિ. દાનાદિ કાર્યો પણ નિરંતર કરતાં.

પુણ્યયોગે કરમાશા થોડાં વર્ષોમાં સંપત્તિમાન અને સમૃદ્ધિવાન માલિક બન્યા. હજારો કુટુંબોને સહાય કરી સુખી બનાવ્યા. યાચકોને કલ્પવૃક્ષ સમાન ઇચ્છિત દાન આપનાર બન્યા.

સંવત્ ૧૪૩૦માં ગુજરાતનો પ્રથમ બાદશાહ મુજફર થયો. તેના મૃત્યુ બાદ સં. ૧૪૫૪માં અહમદશાહ ગુજરાતની ગાદી ઉપર બેઠો. તેણે સં. ૧૪૬૮માં સાબરમતી નદીના કાંઠે જ્યાં પ્રાચીન કર્ણાવતી નગરી વસેલી હતી, ત્યાં પોતાનું નામનું અહમદાબાદ (અમદાવાદ) શહેર વસાવ્યું અને પાટણના બદલે અહમદાબાદમાં પોતાની રાજધાની સ્થાપી. તે પછી ગુજરાતની ગાદીએ મહંમદશાહ, કુતબુદ્દીન, મહમૂદ બેગડો અને તે પછી મુજફર એમ બાદશાહો થયા. ત્યારે રાજધાની ચાંપાનેર પણ હતી.

બાદશાહ મુજફરખાનને ઘણા પુત્રો હતા. તેમાં સિકંદર બધાથી મોટો પુત્ર હતો, અને તેનો ભાઈ બહાદુરખાન હતો. રાજાએ બહાદુરખાનને ઓછી જાગીર આપતા નારાજ થઈને થોડા નોકરો સાથે અમદાવાદથી નીકળી ગયો અને ફરતો ફરતો ચિત્તોડ આવ્યો. મહારાણા સંગ્રામસિંહે તેનો યથોચિત સત્કાર કર્યો.

કરમાશા કાપડનો વ્યાપાર કરતા હતા. બંગાળ અને ચીન વગેરે

દેશ-વિદેશોથી કરોડો રૂપિયાનો માલ મંગાવતા અને વેચતા હતા. આથી તેમને અપરિમિત દ્રવ્યની પ્રાપ્તિ થઈ હતી. શાહજાદા બહાદુરખાને પણ કરમાશાની દુકાનેથી ઘણું કાપડ ખરીદ્યું. તેથી કરમાશાને શાહજાદાની સાથે સારી મિત્રતા થઈ ગઈ.

એક દિવસ રાત્રિમાં કરમાશા ઊંઘતા હતા, ત્યારે સ્વપ્નમાં ગોત્રદેવીએ આવીને કહ્યું, કે 'આ શાહજાદાથી તારી ઇષ્ટ સિદ્ધ થશે.'

બીજે દિવસેથી કરમાશા, શાહજાદાનું ખૂબ સંભાળપૂર્વક ખાન-પાન, મીઠા વચનો વગેરેથી સન્માન કરવા લાગ્યા.

બહાદુરખાનની પાસેથી બધી રકમ જ્યારે ખર્ચાઈ ગઈ, ત્યારે કરમાશાએ એક લાખ રૂપિયા કોઈપણ જાતની શરત કે લખાણ કર્યા વગર આપ્યા. આથી શાહજાદો ખૂબ પ્રસન્ન થઈ ગયો અને કહ્યું કે 'હે ઉત્તમ મિત્ર ! જિંદગી સુધી આ તારો ઉપકાર ભૂલી શકું તેમ નથી.'

કરમાશાએ કહ્યું, કે 'આપ આવું ન બોલો. આપ તો અમારા માલિક છો. અમે આપના સેવક છીએ. કેવળ એટલી એરજ છે કે કોઈ કોઈ વખત આ સેવકને યાદ કરજો અને આપને રાજ્ય મળે ત્યારે શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરવાની મારી પ્રબળ ઉત્કંઠા છે, તે પૂરી કરવા દેજો.'

શાહજાદાએ વચન આપ્યું, કે 'જરૂર તારી ઇચ્છા હું પૂર્ણ કરીશ, અને જે કોઈ સહાયની જરૂર હશે તે હું પૂરી પાડીશ.' એમ કહી અનુમતિ લઈ ત્યાંથી નીકળી ગયો.

આ બાજુ ગુજરાતમાં મુજફરખાનનું મૃત્યુ થયું. તેની જગ્યાએ સિંકદર બેઠો, તે નીતિવાન્ હતો પરંતુ દુર્જનોએ તેને થોડા જ દિવસોમાં મારી નાંખ્યો. આ સમાચાર જ્યારે બહાદુરખાને સાંભળ્યા ત્યારે તે એકદમ ગુજરાત તરફ ધસી આવ્યો, અને ચાંપાનેર પહોંચ્યો. ત્યાં બગાવત કરનાર વિદ્રોહી ઈમાદુલ્મુકને પકડીને મારી નાંખ્યો. ચાંપાનેરની ગાદી ઉપર વિ.સં. ૧૫૮૩ના ભાદરવા સુદ-૨ ગુરૂવારને દિવસે તેનો રાજ્યાભિષેક થયો. તે

બહાદુરશાહ નામ ધારણ કરીને ગાદી ઉપર બેઠો.

રાજ્ય ગાદી ઉપર આવીને બહાદુરશાહે સ્વામીદ્રોહી, દુર્જનો, ઉદ્ધત માણસોને કડક શિક્ષા કરી. આથી નાના-નાના રાજાઓએ આવીને ભેટ ધરી તેની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

પૂર્વાસ્થામાં જે જે માણસોએ ઉપકાર કર્યો હતો તે સૌને બોલાવી ઉચિત સત્કાર કર્યો, કરમાશાને બોલાવવા માટે ખાસ માણસને ચિત્તોડ મોકલ્યો.

કરમાશા પણ કિંમતી ભેટણું લઈ ચાંપાનેરની રાજ્યસભામાં આવી પહોંચ્યા. કરમાશાને જોતાં બહાદુરશાહ સિંહાસન ઉપરથી ઊભા થઈ ગયા, સામે જઈને ભેટી પડ્યા. પછી પોતાના પાસે કરમાશાને બેસાડ્યા અને સભા સમક્ષ કરમાશાએ નિષ્કારણ કરેલ પરોપકારની ખૂબ પ્રશંસા કરી, અને બોલ્યા કે "આ મારા પરમ મિત્ર છે, જે સમયમાં મારી ખરાબ દશાએ મને ઘણો જ તંગ કર્યો હતો ત્યારે આ દયાળુએ તેનાથી મને મુક્ત કર્યો હતો અને મને બચાવ્યો હતો."

બાદશાહના મુખે પોતાની પ્રશંસા સાંભળતાં કરમાશાએ બાદશાહના મુખ ઉપર એકદમ પોતાનો હાથ દબાવી આગળ બોલતાં રોકીને કહ્યું કે 'હે શહેનશાહ ! આટલો બધો બોજો મારા ઉપર ન નાંખો, હું આ બોજો ઉપાડી શકું એમ નથી. હું તો માત્ર આપનો એક સેવક છું. મેં કોઈ એવું કાર્ય કર્યું નથી કે જેથી આપ મારી આટલી બધી પ્રશંસા કરો છો." આ પ્રમાણે મિત્રતા પૂર્વક બોલાયા પછી બાદશાહે કરમાશાને પોતાની પાસે રાખ્યા. તેમને રહેવા માટે શાહી મહેલનો એક સુંદર ભાગ આપ્યો અને તેમની સારસંભાળનો સર્વ બંદોબસ્ત કરી દીધો.

કરમાશા દેવગુરુના દર્શનાર્થે ઠાઠમાઠથી દહેરાસર અને ઉપાશ્રયમાં ગયા, દર્શન-પૂજન કર્યું. વિવિધ પ્રકારનાં વસ્ત્ર આભૂષણ અને મિષ્ટાન્ન વગેરે યાચકોને આપ્યું. તે વખતે ચાંપાનેરમાં શ્રી સોમધીરગણિ નામના

વિદ્વાન મુનિ બિરાજમાન હતા. તેમની પાસે કરમાશા હંમેશા વ્યાખ્યાન સાંભળતાં અને પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓ કરવા માટે જતા. આ પ્રમાણે સતત પૂજા, પ્રભાવના અને સાધર્મિક ભક્તિ કરતાં બાદશાહની પાસે રહેવા લાગ્યા.

કેટલાંક દિવસ બાદ શ્રી વિદ્યામંડનસૂરિ અને શ્રી વિનયમંડન પાઠકને કરમાશાએ પોતાનું આગમન અને બાદશાહની મુલાકાત વગેરેને જણાવનારો પત્ર લખ્યો.

બાદશાહે ચિતોડમાં કરમાશા પાસેથી જેટલું દ્રવ્ય લીધું હતું તે બધું દ્રવ્ય કરમાશાને પાછું આપ્યું.

એક દિવસે બાદશાહે ખુશ થઈને કરમાશાને કહ્યું, કે 'હે મિત્રવર ! હું તમારૂં શું ઇષ્ટ કરૂં ? દિલખુશ કરવા માટે મારા રાજ્યમાંથી તમને જે દેશ વગેરે પસંદ પડે તેનો સ્વીકાર કર.'

કરમાશાએ કહ્યું, કે 'આપની કૃપાથી મારી પાસે બધું છે, મારે કોઈ વસ્તુ જોઈતી નથી, પરંતુ મારી એક ઇચ્છા છે કે શ્રી શત્રુંજય પર્વત ઉપર મારા કુળદેવને સ્થાપન કરવાનો મારે નિયમ છે, તેને માટે મેં આપને ચિત્તોડમાં વિનંતી કરી હતી. આપે તે વખતે વચન આપ્યું હતું. એ વચન પાલન કરવાનો હવે સમય આવી ગયો છે, માટે તે કરવાની મને આજ્ઞા આપો.'

આ સાંભળી બાદશાહે કહ્યું કે, 'હે કરમાશા ! તમારી જે ઇચ્છા હોય તે નિઃશંક થઈને પૂર્ણ કરો, તે માટે હું તમને ફરમાન આપું છું, જેથી તમારા કાર્યમાં કોઈપણ માણસ કોઈપણ જાતનું વિઘ્ન કે અટકાયત કરી શકશે નહિ.' આમ કહીને તુરત બાદશાહે શાહી ફરમાન લખી આપ્યું, તે ફરમાન લઈને સારા મુહુર્તે કરમાશાએ ત્યાંથી (ચાંપાનેરથી) પ્રયાણ કર્યું. તે વખતે સારૂંયે વાતાવરણ વાજીંત્રના ઘોષથી ગાજી ઉઠ્યું, પ્રયાણમાં શુકનો પણ સારા થવા લાગ્યા. તે જોઈને કરમાશાને ખૂબ આનંદ થયો.

રસ્તામાં ભાટ-ચારણ વગેરે તેમના યશોગાન કરતા હતા. તેમને ધન વગેરે છૂટથી દાનમાં આપતા હતા. અનેક સાધર્મિકો સાથે રથમાં આરૂઢ થઈ શ્રી શત્રુંજય તરફ આગળ જવા લાગ્યા.

માર્ગમાં જ્યાં જ્યાં જિનમંદિર આવે ત્યાં સ્નાત્ર મહોત્સવ અને ધ્વજારોપણ કરતાં. ઉપાશ્રયમાં જૈન સાધુ મહારાજ હોય તો દર્શન-વંદન કરતા તથા વસ્ત્ર-પાત્રાદિકનો લાભ લેતા.

રસ્તામાં દીન-અનાથ વગેરેને દાન વગેરે આપતા, માછીમારો મળે તેને મોં માંગ્યું ધન આપી જીવહિંસા છોડાવતા. ખંભાત આવ્યા. ખંભાતમાં સંઘે કરમાશાનું ભવ્ય સ્વાગત કર્યું. સંઘ વગેરે સાથે શ્રી સ્થંભન પાર્શ્વનાથ તથા શ્રી સીમંધર સ્વામી મંદિરે દર્શનાદિ કરી ઉપાશ્રયમાં આવ્યા. શ્રી વિનયમંડન પાઠકને હર્ષપૂર્વક વંદના કરી સુખશાતા પૂછી અને બધી વાત કરી.

પાઠકવરે કહ્યું કે, 'કરમાશા ! હવે શું કરવું તે તમો સારી રીતે જાણો છો. અમારે તો એટલું જ કહેવું છે કે સારા કામમાં વિલંબ કરવો નહિ, અવસરે અમારૂં કર્તવ્ય અમે પણ બજાવશું, શુભ કાર્યમાં કોણ ઉપેક્ષા કરે ?' પછી શ્રી સંઘ સાથે ગુરુ મહારાજને વંદન કરી ખંભાતથી નીકળી પાંચ છ દિવસોમાં તો બધા સિદ્ધાચલજી આવી પહોંચ્યા, ગિરિરાજને સોનાચાંદીના ફૂલડે, પુષ્પો અને શ્રીફળ વગેરેથી વધાવ્યો, યાચકવર્ગને દાન આપી ખુશ કર્યા.

માણસો, કારીગરો વગેરેને ઉપર જવા આવવા સુગમતા રહે એટલે સિદ્ધાચલજીની તળેટી-આદપર મુકામ કર્યો.

કેટલાંક સમય પછી શ્રીવિનયમંડન પાઠક, સાધુ-સાધ્વીજી મહારાજો આદિ ઘણા પરિવાર સાથે પાલીતાણા પધાર્યા. કરમાશાએ ખૂબ ઠાઠમાઠથી નગર પ્રવેશ કરાવ્યો. ગુરુમહારાજના પધારવાથી ખુબ આનંદ થયો.

ગુરુમહારાજ અને કરમાશાએ પૂજારીને બોલાવીને વસ્તુપાલે લાવીને રાખેલી મમ્માણી ખાણની બે શિલાઓ ભોંયરામાં જે ગુપ્ત રાખેલી તેની

માંગણી કરી, પૂજારીએ ભોંયરૂં બતાવ્યું અને તેમાંથી શિલાઓ બહાર કાઢીને મૂર્તિ બનાવવાનો પ્રારંભ કરાવ્યો, અને પૂજારીને ઇચ્છા કરતાં અધિક દિલ ખુશ થઈ જાય એટલું ધન આપ્યું.

એક શિલામાંથી શ્રી આદીશ્વર ભગવંત, બીજી શિલામાંથી શ્રી પુંડરીક સ્વામીજી તથા પોતાના કુટુંબીજનોના શ્રેયાર્થે બીજી ઘણી મૂર્તિઓ વિધિપૂર્વક ઘડાવવાની આજ્ઞા આપી. ગુરુમહારાજે શિલ્પશાસ્ત્રના વિશેષ જાણકાર, વાચક વિવેકમંડન અને પંડિત વિવેકધીર નામના પોતાના બે શિષ્યોને મૂર્તિઓની દેખરેખનું કામ સોંપ્યું, તથા તેમના માટે આહારપાણી લાવી વૈયાવચ્ચ કરવા માટે શ્રી ક્ષમાધીર આદિ મુનિઓને રાખ્યા. બાકીના બીજા મુનિવરો વગેરે ઉદ્ધાર નિર્વિઘ્ને સારી રીતે પૂર્ણ થાય તે માટે છઠ્ઠ, અઠ્ઠમ, આયંબિલ આદિ તપશ્ચર્યા કરવા લાગ્યા.

શ્રી રત્નસાગર અને શ્રીજયંતમંડન નામના બે મુનિવરોએ છ મહિનાનો તપ કર્યો.

વ્યંતર આદિ હલકા દેવો દ્વારા સંભવિત ઉપદ્રવોની શાંતિ માટે ઉપાધ્યાયજી મહારાજે શ્રી સિદ્ધચક્રનું સ્મરણ કર્યું, સાથેનો સંઘ પણ તપ, જપ, ધ્યાન વગેરે આરાધના કરવા લાગ્યો.

કારીગરો, સલાટ વગેરેને ઉપર જવા-આવવા માટે ડોળીની તથા ખાવા-પીવા વગેરેની સગવડ કરમાશાએ સારામાં સારી રાખી હતી. સેંકડો કારીગરો મજૂરો વગેરે ઉદ્ધારના કાર્યમાં લાગી ગયા. ઇચ્છા કરતાં પણ અધિક મજૂરી મળતી હોવાથી સૌ મન દઈને ઉત્સાહથી વધુ કામ કરતા હતા.

આ રીતે થોડા વખતમાં મંદિરોનો જીર્ણોદ્ધાર અને બધી મૂર્તિઓ તૈયાર થઈ ગઈ, એટલે પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરવા માટે દૂરદૂરના સારા જાણકાર અને વિદ્વાન્ વાચનાચાર્ય, પંડિતો, પાઠકો, આચાર્ય વગેરેને નિમંત્રણ પાઠવીને બોલાવ્યા તથા નિમિત્ત શાસ્ત્રના પારંગત જ્યોતિષિઓને બોલાવ્યા, બધા એ મળીને બધી વિહકોનો વિચાર કરીને પ્રતિષ્ઠા માટે **સંવત**

**૧૫૮૭ વૈશાખ વદી ૬, રવિવાર, શ્રવણ નક્ષત્ર** ધન નામનો શુદ્ધ નવમાંશ એમ નક્કી કરી આપ્યું.

પ્રતિષ્ઠાનો દિવસ નક્કી થયા બાદ શ્રી વિદ્યામંડનસૂરિજી મહારાજને આમંત્રણ માટે પોતાના ભાઈ રત્નાશાને મોકલ્યા અને કુંકુમ પત્રિકાઓ લખાવીને ચારે દિશામાં અંગ, બંગ, કલિંગ, કાશ્મીર, જાલંધર, માલવા, લાટ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મગધ, મેવાડ, કચ્છ વગેરે દરેક દેશોમાં પ્રતિષ્ઠા ઉપર પધારવા માટેનાં આમંત્રણ મોકલાવ્યાં.

પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતાં હજારો માણસો, હાથી, ઘોડા, રથ, ગાડાં, વગેરેમાં બેસીને આવવા લાગ્યા. શ્રી વિદ્યામંડનસૂરિજી આદિ સેંકડો આચાર્ય મહારાજો, હજારો સાધુ, સાધ્વીજીઓ સ્થાનિક સંઘોની સાથે પ્રયાણ કરી પાલીતાણા પધારતાં કરમાશાએ સૌનો ભવ્ય સામૈયાપૂર્વક પ્રવેશ કરાવી ઉતારા વગેરેની સુંદર સગવડ સાચવી.

આમ પ્રતિષ્ઠાના પ્રસંગ ઉપર લાખો માણસો આવી પહોંચ્યા. ગિરિરાજની નીચેની વિશાળ જગ્યા પણ સાંકડી થઈ ગઈ, પરંતુ કરમાશાનું નાનું હૃદય અતિ વિસ્તૃત બનતું ગયું. આવેલાં સંઘ માટે ભોજન-પાણી, નાસ્તો, રહેઠાણ, વસ્ત્ર, ગાદલાં વગેરેનો સુંદર બંદોબસ્ત અગાઉથી રાખવામાં આવ્યો હતો, આથી કોઈને કોઈ પણ જાતની મુશ્કેલી પડી નહિ.

નિર્ધનથી માંડી ધનવાન, નાનાથી માંડી વૃદ્ધ પર્યંત સઘળા જન પૂર્ણ પ્રસન્ન હતા. શોધતા પણ એવો કોઈ માણસ ન મળે કે જે કરમાશા પ્રત્યે નારાજ હોય !

કરમાશાની પ્રસન્નતા જોઈ યાચક વધુ માંગણી કરતા, જ્યારે કરમાશા તેમની માંગણી કરતાં પણ અધિક આપતા હતા આથી તેમનું દાન વચનાતીત કહેવાયું હતું.

સ્થાને સ્થાને મોટા મોટાં મંડપો બંધાવેલા તે બધા કિંમતી ચંદરવા, ગાલીચા, તોરણો વગેરેથી સુશોભિત બનાવવામાં આવ્યા હતાં. આખું જગત

જાણે મહોત્સવરૂપ ન હોય તેમ જણાતું હતું ! મહોત્સવના દિવસો ક્ષણની જેમ પસાર થઈ જવા માંડ્યા. જળયાત્રાનો મહોત્સવ પણ ભરત મહારાજાની મહોત્સવને યાદ કરાવતો હતો.

પ્રતિષ્ઠા અંગેની બધી વિધિઓ થઈ ગયા બાદ વૈશાખવદી-૬ રવિવારે શ્રવણ નક્ષત્રમાં શુભ મુહૂર્ત આવતાં શ્રી આદીશ્વર ભગવંત, શ્રી પુંડરીકસ્વામીની મંગલકારી પ્રતિષ્ઠા કરવામાં આવી અને તે જ સમયે બીજા મંદિરોમાં પણ મૂર્તિઓની પ્રતિષ્ઠા તથા શિખરો ઉપર કળશ તથા ધ્વજા ચડાવવામાં આવી. **મુખ્ય** મંદિર ઉપર રત્નજડિત સોનાનો કળશ અને રત્નજડિત સોનાનો ધ્વજાદંડ તથા રેશમી ધ્વજા ચઢાવવામાં આવી, તે વખતે સકળશ્રી સંઘનો હર્ષ દરિયાની ભરતની જેમ ઉછળતો હતો.

। ॥ आँ ॥ संवत [ त् ] १५८७ वर्षे शाके १४५३ प्रवर्तमाने वैशा [ ख] वदि ६ । रवौ ॥ श्रीचित्र [ कूट ] वास्तव्य श्रीओशवा [ ल ] ज्ञातीय वृद्धशाखायां दो० नरसिंह सुत दो० [ तो ] ला भार्या बाई लीलू पुत्र ६ दो० रत्ना भार्या रजमलदे पुत्र श्री रङ्ग दो० पोमा भा० पद्मादे द्वि० पाटमादे पुत्र माणिक हीरा दो० गणा भा० गउरादे [ द्वि० ] गारवदे पु० देवा दो० दशरथ भा० देवलदे द्वि० टूरमदे पुत्र केहला दो० भोजा भा० भावलदे द्वि० [ ह ] र्षम - [ दे पुत्र श्रीमण्डन ] भगिनी [ सुह ] विदे [ बं ] धव श्रीमद्राजसभाशृङ्गारहार-**श्रीशत्रुञ्जयसप्तमोद्धारकारक दो०** कारमा भा० कपूरादे द्वि० कामलदे पुत्र भीषजी पुत्री बाई सोभां बा० सोना बा० मना बा० पना प्रमुखसमस्तकुटुम्बश्रेयोर्थं शत्रुञ्जयमुख्यप्रासादो - [ द्वा ] रे श्री आदिनाथबिम्बं प्रतिष्ठापितम् । मं० खी । मं० नरसिंगसानिध्यात् । प्रतिष्ठितं श्रीसूरिभिः ॥ श्री ॥ **( प्राचीन जैन लेख संग्रह-नं. २ )**

**(આ લેખ વર્તમાનમાં મૂળનાયક આદીશ્વર ભગવાનની બેઠક ઉપર લખાયેલો છે.)**

* ॐ ॥ संवत १५८७ वर्षे वैशाख [ व ] दि [ ६ ] श्रीओशवंशे वृद्धशाखायां दो० तोला भा० बाई लीलू सुत दो० रत्ना दो० पोमा दो० गणा दो० दशरथ दो० भोजा दो० करमा भा० कपूरादे कामलदे पु० भीषजीसहितेन श्रीपुण्डरीकबिम्बं कारितम् । ॥ श्रीः ॥

( प्राचीन जैन लेख संग्रह-नं. ३ )

(આ લેખ પરમગણધર શ્રી પુંડરિકસ્વામીની પ્રતિમાની બેઠક ઉપર લખાયેલો છે.)

**પ્રતિષ્ઠા થઈ ગયા બાદ કરમાશાને સંઘપતિનું તિલક કરી ઈંદ્રમાળા પહોરાવવામાં આવી.**

કરમાશાએ આરતી, મંગલદીવો, છત્ર, ચામર, અલંકારો, ચંદરવા, રથ વગેરે સોના-ચાંદીની બધી સામગ્રી ઘણી સંખ્યામાં મંદિરોમાં અર્પણ કરી.

મહોત્સવના દિવસોમાં સવારે સૂર્યોદયથી સૂર્યોસ્ત સુધી ભોજનગૃહ ખુલ્લું રહેતું. દરેકને સૌ કોઈને ઇચ્છા મુજબ જમાડવામાં આવતા.

રસ્તામાં જતાં-આવતાં કરમાશાનો દાનનો પ્રવાહ ચાલુ જ રહેતો. તેમણે સેંકડો હાથી, ઘોડા, રથો, સુવર્ણ અલંકારોથી શણગારીને અર્થીજનોને દાનમાં આપ્યા.

દરેક કારીગરોને મજૂરી ઉપરાંત સોનાની જનોઈ, સોનાની મુદ્રિકા, સોનાનો બાજુ બંધ, સોનાના કુંડલ અને સોનાના કંકણ તથા કિંમતી અલંકારો આપ્યા. સાધર્મિકોને ઉચિત ધન, વસ્ત્ર, અશન, પાન, વાહન આપી મીઠાં વચનોથી સન્માન કર્યું. પૂજ્ય આચાર્ય મહારાજ આદિ સઘળા સાધુ સાધ્વીજીઓને કામળી વસ્ત્ર, પુસ્તક વગેરે જરૂરિયાત પ્રમાણે ધર્મોપકરણ વહોરાવી ભક્તિનો લાભ લીધો.

આ રીતે સહુનું સુંદર રીતે સન્માન કરી પોત-પોતાના સ્થાને જવાની રજા આપી.

મૂળનાયક ભગવંતના ક્ષણવાર દર્શન કરવાનો સો રૂપિયાનો કર તે વખતે રાજાને આપવો પડતો હતો, તે માફ કરાવવા માટે કરમાશાએ સોનાનો ઢગલો કરી રાજાને અર્પણ કર્યો. ત્યારથી રાજાએ કર લેવાનો બંધ કર્યો.

કરમાશાએ શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરવા પાછળ અઢળક દ્રવ્યનો સદ્વ્યય કર્યો હતો. ઉદ્ધારમાં સવા કરોડ દ્રવ્યનો વ્યય કર્યો અને પ્રતિષ્ઠા વગેરેનો ખર્ચ તો અલગ ! કેવી ઉદારતા અને પ્રભુ પ્રત્યે કેવી પ્રેમ-ભક્તિ હશે ? આ રીતે ઉદ્ધાર માટેના ખર્ચમાં તેમણે પાછું વાળીને જોયું નહિ.

હાલમાં ગિરિરાજ ઉપર જે મૂર્તિ બિરાજમાન છે, તે કરમાશાએ પ્રતિષ્ઠિત કરેલી છે અને મંત્રી વસ્તુપાલે મંગાવી રાખેલી જે આરસની શિલા હતી તેમાંથી મૂર્તિ બનેલી છે. હાલમાં દર વર્ષે વૈશાખ વદ ૬ના દિવસે મૂળનાયક ભગવંત આદિના શિખરો ઉપર ધ્વજા ચઢાવવામાં આવે છે અને સ્વામિવાત્સલ્ય થાય છે.

**"नालीखंश्च कुत्रापि हि ।**
**नाम निजं गंभीर हृदयास्ते ॥"**


મહામહિમાવાન્ આચાર્યભગવંત શ્રી વિદ્યામંડનસૂરિજીએ પ્રતિષ્ઠા સમયે ક્યાંયે પોતાનું નામ લખાવરાવ્યું નથી કે કાતરાવ્યું નથી ! પણ પ્રતિષ્ઠાકારક તરીકે લખ્યું.

**'प्रतिष्ठितं श्री सूरिभिः'**

નિકટ મોક્ષગામી એ મહાન આચાર્ય ભગવંતની સંયમપોપૂત ઉર્જાના પ્રભાવથી કહેવાય છે કે પ્રતિષ્ઠા સમયે સમીપસ્થ વ્યંતરદેવે ભક્તિવશ થઈને પ્રતિમામાં પ્રવેશ કર્યો અને પ્રભુ પ્રતિમાએ ૭ વાર શ્વાસ લીધા. ઉપસ્થિત જનસમૂહે આ ઘટનાને સગી આંખે જોઈ પણ ખરી ! કદાચ, એ ક્ષણો જ એટલી પુણ્યવતી અને પ્રભાવંત હતી કે આજે પણ એ પ્રતિષ્ઠા અખંડ છે, અક્ષુણ્ણ છે. અવિચલ છે !


**'ધન ધન શાસનમંડન મુનિવરા !'**

# કવિવર લાવણ્યસમયની પ્રશસ્તિ મુજબ
# કરમાશાનો કૌટુમ્બિક પરિવાર





[વિવેકધીર ગણિએ પ્રબંધમાં પાંચ જ ભાઈઓનો ઉલ્લેખ કર્યો છે. ગણાશાનું નામ લીધું નથી. કદાચ પ્રતિષ્ઠા સમયે ગણાશા વિદ્યમાન ન હોય. આ પૂર્વે એમનો સ્વર્ગવાસ થઈ ગયો હોય.]

# શત્રુંજયતીર્થોદ્ધારના પ્રતિષ્ઠિતા આચાર્યશ્રી વિદ્યામંડન સૂરિવરનો વંશવૃક્ષ




સં. ૧૫૮૭ ચૈત્ર વદી ૬ રવૌ શ્રવણનક્ષત્રે દો૦ કરમા કારિતઃ શત્રુંજયદ્ધારઃ । ઉપાધ્યાયશ્રી વિનયમંડનસાહાય્યાત્ ભટ્ટારકશ્રી વિદ્યામંડનસૂરિભિઃ પ્રતિષ્ઠિતા મૂલનાયક પ્રતિમા ઈતિ ॥



# 'ઇતિહાસની આરસીમાંથી'

મંત્રી વસ્તુપાલ **શ્રી શત્રુંજય** તીર્થ ઉપર સંઘ લઈને આવ્યા હતા. મૂળનાયક ભગવંતનો સ્નાત્ર મહોત્સવ ચાલી રહ્યો હતો, તે વખતે બીજા અનેક શહેરોના સંઘો આવેલાં હતાં. તેથી માણસોની ભીડ ઘણી હતી. અભિષેકમાં પણ ઘણા માણસોની ઠઠ જામી પડી. બધા અભિષેક કરવા પડાપડી કરવા લાગ્યા. માણસોની પડાપડી જોઈને પૂજારીને તે વખતે વિચાર આવ્યો કે, ધમાધમમાં કળશ આદિની ભગવંતના અંગને જો ઠોકર લાગશે તો ભગવંતની પ્રતિમા ખંડિત થઈ જશે.' આમ વિચાર કરી ભગવંતની મૂર્તિને કંઈ નુકસાન ન થાય તે માટે પૂજારીએ મૂર્તિ ઉપર ફૂલનો ઢગલો કર્યો.

વસ્તુપાલ મંત્રી રંગમંડપમાં બેઠા હતા. તેમણે આ દ્રશ્ય જોયું અને પૂજારીનો ભાવ સમજી ગયા.

દીર્ઘદર્શી વસ્તુપાલે તે પછી મોજુદીન બાદશાહની આજ્ઞા મેળવી તેમના તાબાની મમ્માણી (મકરાણા) ખાણમાંથી સુંદર આરસની પાંચ શિલાઓ મંગાવી (એક મૂલનાયક ભગવંતની મૂર્તિ માટે, બીજી પુંડરીક સ્વામીની મૂર્તિ માટે, ત્રીજી કપર્દિયક્ષની મૂર્તિ માટે, ચોથી ચક્રેશ્વરીદેવીની મૂર્તિ માટે અને પાચંમી તેજલપુર પ્રાસાદમાં શ્રી પાર્શ્વનાથની મૂર્તિ માટે) પાંચે શિલાઓ ઘણી મુશ્કેલીઓથી સિદ્ધાચલજી ઉપર ચઢાવવામાં આવી, તેમાંથી મોટી બે શિલાઓ ભોંયરામાં મુકાવી કેમકે કોઈ કારણસર મૂળનાયક ભગવંતની મૂર્તિ ખંડિત થઈ જાય કે મ્લેચ્છ આદિ કોઈ નુકસાન પહોંચાડે તો તુરત આ શિલામાંથી નવી પ્રતિમા બનાવીને પ્રતિષ્ઠા કરાવાય.'

સંવત ૧૨૯૮માં વસ્તુપાલનો સ્વર્ગવાસ થયો. તે પછી થોડા વર્ષો બાદ સં. ૧૩૬૯માં મ્લેચ્છ લોકોએ શ્રીજાવડશાએ પધરાવેલી શ્રી આદિનાથ ભગવાનની મૂર્તિ તથા બીજી ઘણી મૂર્તિઓ અને મંદિરો ખંડિત કરી નાંખ્યા હતા, તેનો ઉદ્ધાર સમરાશાએ સં. ૧૩૭૧માં કરાવ્યો હતો. ત્યારે સંઘની આજ્ઞાથી આરસની ખાણમાંથી નવી શિલા લાવીને પ્રતિમાજી ભરાવવામાં આવ્યા હતા અને પ્રતિષ્ઠા કરાવી હતી. વસ્તુપાલે લાવેલી શિલા એમને એમ ભોંયરામાં પડી રહી હતી. સમરાશાહે પધરાવેલી મૂર્તિ પણ કેટલાંક વર્ષ બાદ

મ્લેચ્છોએ હુમલો કરીને ખંડિત કરી નાંખી, છતાં ત્યારબાદ તે ખંડિત થયેલી ભગવાનની પ્રતિમાજી પૂજાતા હતા. તોલાશા વખતે પણ તે ખંડિત પ્રતિમાજીનું જ પૂજન થતું હતું.

'વસ્તુપાલની લાવેલી બે શિલાઓ ભોંયરામાં પડેલી છે.' આ વાત પણ પ્રચલિત હતી, આથી તોલાશાને મનમાં વિચાર આવેલો કે ભોંયરામાં રહેલી શિલાઓમાંથી ભગવંતની પ્રતિમાજી ભરાવી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવાય તો સારૂં.' તેમના મનનો ધારેલો આ પ્રશ્ન હતો. જે તેમણે ચિત્તોડમાં પધારેલા આચાર્ય ભગવંતને પૂછ્યો હતો.

**કરમાશાએ ભરાવેલ ભગવાન ઋષભદેવની પ્રતિમાની આસપાસ પરિકર ગોઠવવામાં આવેલ ન હતું. એટલે કે, કેવળ પરિકર વગરની વિશાળ પ્રતિમાની જ એમણે પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિષ્ઠાનો સવિસ્તર શિલાલેખ પણ મૂળનાયક ભગવાનની પલાંઠી ઉપર તેમજ આરસની જુદી શિલા ઉપર પણ કોતરવામાં આવેલ છે.**

**મૂળનાયક ભગવાનની આસપાસ જે સુંદર શિલ્પવાળું પરિકર મૂકવામાં આવેલ છે. પણ અત્યારે મૂળનાયક ભગવાનની આસપાસ જે સુંદર શિલ્પવાળું પરિકર મૂકવામાં આવેલ છે. તે, આ પ્રતિષ્ઠા પછી ૮૩ વર્ષે એટલે કે. વિ.સં. ૧૬૭૦માં, નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી તથા એમના મોટાભાઈ શ્રી વર્ધમાન શેઠે બનાવરાવ્યું હતું અને જગદ્ગુરૂ આચાર્ય હીરવિજયસૂરિજીના પટ્ટધર સૂરિસવાઈ આચાર્ય શ્રી વિજયસેનસૂરિજીના હસ્તે તેની પ્રતિષ્ઠા કરાવી હતી જે વાત આ પરિકર ઉપર કોતરવામાં આવેલ શિલાલેખો ઉપરથી જાણી શકાય છે.**

**મૂળનાયકના પરિકરમાંની પદ્માસનસ્થ શ્રી શાંતિનાથ તથા શ્રી નેમિનાથજીની મૂર્તિનો મસ્તક પરનો સળંગ લેખ**

**।ई.॥ संवत १६७( ० ) री अहम्मदावाद वास्तव्य साधु सहसकरण सुत ता. शांतिदास नामना श्री आदिनाथ परिकरः कारितः प्रतिष्ठित तपागच्छे ॥**

**(શ્રી શાંતિનાથજીની મૂર્તિ ઉપરનો લેખ)**

**पातसाहि श्री अकब्बरभूपालदत्त षण्मासि अभयदान श्री हीरविजयसूरि पट्टभृत् पातसाह श्री अकबर( प्र ) दत्त लब्धजयभट्टारक श्री विजयसूरिभिः ॥**

**(શ્રી નેમિનાથજીની મૂર્તિ ઉપરનો લેખ)**

**(- પેઢીનો ઇતિહાસ ભાગ-૧ પેઈજ-૮૫)**

# વણકર બન્યા કદર્પી યક્ષ

## આંતર ગાંઠ છૂટ્યાની વેળા

(આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ)

વર્તમાનમાં અવગુણાના ઓરડા જેવા જણાતા જીવો પણ એકાદ ગુણનું પુષ્ટ આલંબન લઈને, દઢપણે તેને વળગી રહીને, દેહની મમતાના વળગાડને ઓળંગી જઈને, ક્ષણિક લાભના વળગણને તરછોડીને, સડસડાટ ઉંચે ને ઉંચે ચડતા હોય છે.

આવું જોવા મળે ત્યારે એવું લાગે છે કે કોઈપણ જીવની વર્તમાન વિષમ સ્થિતિ જોઈને તેની નિંદા ન કરવી, પણ તેનામાં રહેલી શ્રેષ્ઠ સંભાવનાની કલ્પનાને જીવતી રાખવી.

જુઓ તો ખરા ! વણકરની જાત ! એને દિવસ-રાત શું કરવાનું ?

ગામના છેવાડે નાનું સરખું એક ઘર, ઘરને ઓટલે બેસી તાણો અને વાણો વણવાના.

રોજ-રોજ નાના-મોટાં વસ્ત્ર માટે કાપડ વણવાનું ચાલે.

રસ્તે જતાં આવતાં લોકોને 'કેમ છો ? ભલા છો !' એમ દિવસ આખો પૂછપરછ ચાલે.

ગામની ભાગોળેથી જ સાધુ મહારાજ ખેતર ભણી રોજ વડી શંકા નિવારવા જતાં-આવતાં હોય તે બધાને આ વણકર જુએ અને મનમાં હરખાય. બોલવાની ઈચ્છા થાય પણ કેમ કરી બોલાવું ? એવી અવઢવમાં રહે. મલકીને અટકી જાય ! એકવાર શુભ સંયોગ રચાઈ ગયો. બગાસુ ખાતાં પતાસું મોંમા પડે એવું બન્યું ! મહાપ્રભાવક આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિ મહારાજ વડના ઝાડ નીચે ઉભા હતા, વણકરના ઓટલાથી થોડે દૂર. પહેલાં આંખથી અને પછી સ્મિતથી કુશળ પ્રશ્નની આપ-લે થઈ. પછી પણ પૂછું ન પૂછુંની દ્વિધામાં અનાયાસે भाविकार्यानुसारेण वागुच्छलति जल्पताम् (ભાવિકાર્યાનુસારિણી

વાણી ઉજળતી દીસે) - સહજ પૂછ્યું, 'આપે તો ભગવાનનો ભેખ પહેર્યો છે તો આપ તો ભવ તરી જવાના; પણ અમારા જેવા તો રખડી જવાના.' આવા મતલબનું બોલ્યા. કરૂણાસાગર આચાર્ય મહારાજે કહ્યું, 'એવું નથી. દરેક જીવોને પોતાના આત્માનું કલ્યાણ થાય એવા જ રસ્તા છે જ.' આવાં આશ્વાસન ભર્યા વચન સાંભળીને વણકરને ઉત્સાહ આવ્યો. ઓટલેથી ઉભા થઈ મહારાજની પાસે આવીને વિનય, વિનત મુદ્રામાં ઉભા રહ્યા. મહારાજે કૃપા કરી. બોધ આપ્યો : 'તમે પણ ધર્મ કરી શકો છે.' વણકર કહે, 'તમે તો કહેશો કે દારૂ, માંસ ત્યજી દો. અમારા જીવનમાં એ તો શક્ય નથી. આપ એવું કહો, જે મારાથી સુખેથી પાળી શકાય. 'આચાર્ય મહારાજે જીવદળની કક્ષા જોઈને કહ્યું, 'તમે ગંઠિસહિયંનું પચ્ચક્ખાણ કરીને આત્માને કર્મથી હળવો બનાવી શકશો. કપડાના છેડે ગાંઠ વાળી રાખવી. એ ગાંઠ ખોલી 'नमो अरिहंताण' બોલીને જ આહાર-પાણી લેવાં. આવી પ્રતિજ્ઞાનું પાલન તમે સુખેથી કરી શકશો. વણકરને આ સલાહ જચી ગઈ. પ્રતિજ્ઞાનું પાલન શરૂ થઈ ગયું. અપ્રમત્તપણે સહેજ પણ ભૂલ્યા વિના લીધેલું સાદું વ્રત પળાય છે. મનમાં દઢતા છે. આનંદ પણ છે.

મહિનાઓ અને વરસો વીતી ગયા; વૃદ્ધાવસ્થા પણ આવી. નિયમ અખંડિતપણે નિરપવાદ પળાય છે. ક્યાંય કચાશ નથી. એકવાર રાત્રે રોગનો હુમલો થયો છે, પાણીની તીવ્ર તરસ લાગી છે. પાણી હાજર છે. પણ નિયમ મુજબ ગાંઠ છૂટે તો મોંમા પાણી પેસે ! પોતાનાથી પ્રયત્ન થઈ શકે તેમ નથી. બીજાની મદદથી પણ ગાંઠ ન છોડાય. એ સ્થિતિમાં પ્રાણ છૂટી ગયા ! પ્રતિજ્ઞાનો વિજય થયો અને પાણીનો પરાજય થયો. બહારની ગાંઠ ન ભેદાઈ, પણ અંદરની ગાંઠ-ગ્રંન્થિનો ભેદ છૂટી ગયો. આત્મા કુમનુષ્યમાંથી નીકળીને સુદેવત્વને પામ્યો.

તીર્થાધિરાજ શત્રુંજયની રક્ષા-સેવાનું કાર્ય કરવાની અનોખી તક મળી. કપર્દી યક્ષ બન્યા. આચાર્ય મહારાજ શ્રીધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ

પ્રત્યે ક્ષણે ક્ષણે કૃતજ્ઞતાભાવથી સભર બનીને વંદના કરતા રહ્યા. એ મહાપુરૂષના પ્રભાવે આ ઉંચાઈ મળી. એમણે દર્શાવેલ નજીવા ધર્મના પ્રતાપે આવી સ્થિતિ મળી. પ્રતિજ્ઞાનું દઢતાપૂર્વક પાલન સર્વ ગ્રન્થિથી મુક્ત બનાવ્યા વિના ન રહે. પ્રતિજ્ઞા ભલે નાની રહે, તેનું દઢ પાલન મનોબળથી થાય, તો આકાશને આંબે ફળે, પ્રતિજ્ઞાપાલનની આ વિશેષતા છે. તે આપણામાં આવે તો આપણે પણ કસોટીની કપરી વેળાએ પ્રભુકૃપાથી અચળ રહીએ, તો ધારેલી સિદ્ધિના સ્વામી બની શકીએ.

મૂળ પ્રાચીન શ્લોક સ્તુતિ અને પદ્યાનુવાદ

*यः पूर्वं तन्तुवायः कृतसुकृतलवो पुरितो दुरितौघैः ।*
*प्रत्याख्यानप्रभावादमरमृगदशामातिथेयं प्रपेदे ॥*

*सेवा हेवाकशाली प्रथमजिनपदाम्भोजयोस्तीर्थरक्षा*
*दक्षः श्रीयक्षराजः स भवतु भविना विघ्नामर्दी कपर्दी ॥*

જે પહેલાં વસ્ત્રવણતા વણકર જીવને પાપમાં રાચતા તા,
નાનું એક, સાવ નાનું, અડગ મન વડે, અલ્પ સત્કૃત્ય કીધું;
પ્રત્યાખ્યાન - પ્રભાવે દુરિત નિજ ઘટ્યું, તીર્થ યક્ષત્વ પામ્યા,
સેવામાં સજ્જ એવા નિત, વિઘન હરો હે ! કપર્દી અમારા.

**કરમાશા એ કરાવેલા ૧૬માં ઉદ્ધાર દરમ્યાન**
**બાંધકામના નિરીક્ષક : જોઈતા હતા.**
**સૂત્રધાર શિલ્પી (અમદાવાદ) સૂત્રધાર વીરુ, ભીમા, વેલા તથા વછા હતા.**
**સૂત્રધાર શિલ્પી (ચિત્તોડથી આવેલા) ટીલા, ષોમા, ગાંગા, ગોરા વગેરે ૨૩ સૂત્રધારો.**
**(પ્રતિષ્ઠા પ્રશસ્તિમાંથી)**

**કોણે આ શુભ કર્મ કરનારા કરમાશાનું નિર્માણ કર્યું ?**
**એણે કરેલા શુભ કાર્યો જોવા જેઓ સદ્ભાગી બન્યા છે એઓ ખરેખર પુણ્યશાળી છે !**
**(અહી પેલી ગુંજારવ કરતી પંક્તિ : ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે ! યાદ કરો)**
**(પ્રતિષ્ઠા પ્રશસ્તિમાંથી)**

## અમદાવાદની અડોઅડ આવેલું સોહામણું તીર્થ શેરીસા !

યાત્રા તો તમે અનેકવાર કદાચ કરી હશે ! પણ ઈતિહાસ ખબર છે ? એ તીર્થના સર્જનની પાછળની મજેદાર કહાણી સાંભળી છે ?

એનું આહ્લાદક વાતાવરણ, એ વાતાવરણમાં વહેતી ઉર્જા... એની વાતો ખબર છે ? નહી ! તો પછી તમે શેરીસા તીર્થ (સચિત્ર- રંગીન તીર્થ પરિચારિકા ) પુસ્તક જોયું જ નથી !

આજે જ વસાવી લ્યો : **મૂલ્ય** : રૂા. ૩૦/-

---

## તારંગા તીર્થની યાત્રા કરી છે ? કરવી છે ? તો આ પુસ્તક તમારી પાસે જોઈએ જ !

તારંગા તીર્થની જાણકારી હાથવગી બની રહેશે ! એનો ઈતિહાસ.. એના દેરાસરોની માહિતી.... મુખ્ય જિનાલયનો કળા વૈભવ... અન્ય દેરાસરોમાં સચવાયેલો શિલ્પ તથા કળાનો ખજાનો..... આવી તો અનેક વાતો ... પાછી તીર્થના અનેક બહુરંગી ફોટાઓ સાથે !

રાજર્ષિ કુમારપાળ નિર્મિત. **મૂલ્ય** : રૂા. ૩૦/-

---

## કુંભારિયાજી તીર્થની યાત્રા કરી આવ્યા ?

કુંભારિયાજી તીર્થની યાત્રાએ જવાના છો ? એ તીર્થનો મજાનો ઈતિહાસ, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, પાંચે દેરાસરોમાં પથરાયેલો શિલ્પ અને સ્થાપત્યનો કળા ખજાનો !

આ બધું જોવા - જાણવા અને માણવા આ પુસ્તક વસાવી લ્યો !

મૂલ્ય : રૂા. ૩૦/-

<u>સંપર્ક કરો :</u> **શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

**ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦**

**E-mail : shree_sangh@yahoo.com / info@anandjikalyanjipedhi.org**

**પેઢી સંચાલિત તીર્થોમાં પણ આ પુસ્તકો મળશે.**

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com


અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com

# ઉદ્દેશ

- ૫૦૦મી સાલગીરીના નિમિત્તે નાની યોજના દ્વારા દરેક શ્રાવક-શ્રાવિકાને સહભાગી થવાનો અમૂલ્ય અવસર.
- ૫૦૦મી  સાલગીરી પ્રસંગની અદ્દ્ભુત અને અદ્વિતીય ઉજવણી.
- આ ફંડમાંથી સાત ક્ષેત્રો ઉપરાંત જીવદયા-અનુકંપા વગેરે માટે આયોજન.
- આ નિધિમાં આપ વ્યક્તિગત લાભ લઈને દાદાની ભક્તિના આ અવસરના લાભાર્થી બનો. તેમજ પરિવારની દરેક વ્યક્તિને જોડો.
- રકમ દર વર્ષે રૂા. ૩૬૦ અથવા એકી સાથે ૧૫ વરસના રૂા. ૫૪૦૦ રુપે જમા કરાવી શકાશે.
- રકમ જમા કરાવવા માટેનું ફોર્મ
  શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત
  બધા જ તીર્થોમાં ઉપલબ્ધ છે
- વેબસાઈટ www.anandjikalyanjipedhi.org
  ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.
- મોબાઈલ એપ્લીકેશનના ઉપયોગ દ્વારા
  Online રકમ પણ જમા કરી શકાશે.

**આપ સુકૃતનો લાભ લો**
**અનેકના પ્રેરણાસ્રોત બનો.**



શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**